દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર 3 સપ્ટેમ્બર, ૨૦૨૬

વૈશ્યાગૃહમાંથી પકડાયેલા ગ્રાહક પર FIR કરી શકાય નહીં તેવો હાઈકોર્ટનો સીમાવર્તી ચૂકાદો

ગુજરાત હાઈકોર્ટે સ્પા અને વેશ્યાગૃહ (કૂટણખાના) પર પડતા પોલીસ દરોડા સંદર્ભે આપેલો તાજેતરનો ચુકાદો ભારતીય ફોજદારી ન્યાયપ્રણાલી અને વ્યક્તિગત સ્વાતંત્ર્યના ક્ષેત્રે એક અત્યંત મહત્વપૂર્ણ અને દિશાચિંધુ બિન-પરંપરાગત નિર્ણય છે. હાઈકોર્ટે સ્પષ્ટપણે ઠેરવ્યું છે કે આવા સ્થળો પરથી માત્ર ગ્રાહક તરીકે અટકાયત કરાયેલી વ્યક્તિ સામે માત્ર તેની હાજરીના આધારે કે ગુનાહિત કેસ ચલાવી શકાય નહીં. સુરતના ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફ.આઈ.આર., ચાર્જશીટ અને નીચલી કોર્ટની કામગીરીને રદબાતલ ઠેરવતો આ આદેશ કાયદાના શાસન અને પોલીસ કાર્યવાહી વચ્ચેનો એક મજબૂત સેતુ સાબિત થશે.

ભારતીય કાયદાકીય માળખા અનુસાર, 'ધ ઈમ્મોરલ ટ્રાફિક (પ્રીવેન્શન) એક્ટ' અંતર્ગત વેશ્યાગૃહ ચલાવવું, વેશ્યાવૃત્તિના વ્યવસાયમાંથી કમાણી કરવી, દલાલી કરવી કે કોઈ સ્ત્રી/સગીરને આ ધંધામાં બળજબરીથી ધકેલવી એ ગંભીર અને બિન-જામીનપાત્ર ગુનો છે. કાયદાનો મૂળભૂત હેતુ વેશ્યાવૃત્તિના વ્યાપારીકરણ, માનવ તસ્કરી અને શોષણ કરનારા મધ્યસ્થીઓ (જેવા કે દલાલો, મેનેજરો અને માલિકો) પર અંકુશ મેળવવાનો છે. જોકે, વ્યવહારમાં ઘણીવાર પોલીસ દરોડા દરમિયાન આ કાયદાના દંડકીય પ્રાવધાનોનો વ્યાપ એવી રીતે વિસ્તારી દેવામાં આવતો હતો જેમાં સેવા લેવા આવેલા ગ્રાહકોને પણ આરોપી બનાવી દેવામાં આવતા.

ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદામાં કાયદાકીય તર્ક રજૂ કરતા નોંધ્યું કે ગ્રાહક માત્ર પોતાની અંગત જરૂરિયાત કે સંતોષ માટે નાણાં ચૂકવીને સેવા મેળવે છે. તે નાણાકીય લેવડદેવડમાં એક ખરીદદાર સમાન છે. ગ્રાહકની ભૂમિકા તે જગ્યાના સંચાલન, માલિકી કે વેશ્યાવૃત્તિના વ્યવસાયમાંથી આવક રળવા સાથે જોડાયેલી હોતી નથી. જેથી કાયદાકીય રીતે તેની સામે અનૈતિક તસ્કરી વિરોધી કાયદાની કલમો લાગુ પાડી શકાય નહીં. નૈતિકતા અને કાયદાકીય ગુના વચ્ચેનો આ તફાવત સમજવો અત્યંત જરૂરી છે. સમાજમાં કોઈ કાર્ય નૈતિક રીતે અયોગ્ય હોઈ શકે, પરંતુ જ્યાં સુધી દેશનો સુનિશ્ચિત કાયદો તેને સ્પષ્ટપણે 'ગુનો' ઘોષિત ન કરે, ત્યાં સુધી કોઈપણ વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી થઈ શકે નહીં.

આ ચુકાદો માત્ર કાયદાકીય તકનીકી બાબતો પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે નાગરિકોના વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને બંધારણીય અધિકારો સાથે સીધો સંબંધ ધરાવે છે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ દરેક નાગરિકને જીવવાનો અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર પ્રાપ્ત થયો છે. જ્યારે પોલીસ માત્ર હાજરીના આધારે ગ્રાહક સામે કેસ દાખલ કરે છે અથવા તેને જાહેરમાં બદનામ કરે છે, ત્યારે તેનાથી વ્યક્તિની સામાજિક પ્રતિષ્ઠા અને માનસિક સ્થિતિ પર કાયમી દાગ લાગી જાય છે. ઘણીવાર પોલીસ દરોડાના નામે બ્લેકમેઇલિંગ, ઉઘરાણી અને બિનજરૂરી સતામણીના કિસ્સાઓ પણ સામે આવતા હોય છે. હાઈકોર્ટનો આ આદેશ પોલીસ તંત્રની આવી અનિયંત્રિત સત્તા પર લગામ લગાવશે.

અહીં એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે કે શું આ ચુકાદાથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે? બિલકુલ નહીં. હાઈકોર્ટે વેશ્યાગૃહ ચલાવનારા, માનવ તસ્કરીમાં સામેલ દલાલો કે શોષણ કરનારાઓ સામેની કડક કાર્યવાહી પર કોઈ રોક લગાવી નથી. પોલીસની પ્રાથમિક જવાબદારી એ સુનિશ્ચિત કરવાની છે કે કોઈ પણ મહિલા કે બાળકની મજબૂરીનો લાભ ઉઠાવીને તેને અનૈતિક વ્યવસાયમાં ધકેલવામાં ન આવે. કાયદાનો કોડો શોષણખોરો પર વીંઝાવા જોઈએ, નહીં કે ગ્રાહકો પર. જ્યારે પોલીસ પોતાનું ધ્યાન ગ્રાહકોને પકડવા પર કેન્દ્રિત કરે છે, ત્યારે મૂળ ગુનેગારો અને માનવ તસ્કરીના નેટવર્ક પાછળ રહેલા માફિયાઓ ઘણીવાર છટકી જતા હોય છે.

આ નિર્ણયથી પોલીસ પ્રશાસનને પણ સ્પષ્ટ સંદેશ મળે છે કે તેમણે કાયદાકીય જોગવાઈઓના દાયરામાં રહીને જ કામગીરી કરવાની રહેશે. ચાર્જશીટ દાખલ કરતી વખતે કાયદાની કલમોનો અભ્યાસ અને પુરાવાઓની હાજરી અનિવાર્ય છે. નીચલી અદાલતોએ પણ આવા કેસોની સંજ્ઞાન લેતી વખતે કાયદાકીય વ્યાખ્યાઓને ધ્યાનમાં રાખવી પડશે, જેથી નાગરિકોને બિનજરૂરી કોર્ટ-કચેરીના ધક્કામાંથી મુક્તિ મળી શકે. પોલીસ હવે ખોટી રીતે આવા કુટણખાનામાંથી પકડાયેલા ગ્રાહક પુરૂષોને હેરાન કરી નહી શકે તે નક્કી છે.

૨૦૫૦ સુધીમાં ભારત વિશ્વની ટોચની અર્થવ્યવસ્થાઓમાં મજબૂત સ્થાન મેળવી શકશે?

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

કોઈ પણ રાષ્ટ્રનું ભવિષ્ય તેના ઈતિહાસથી નહીં, પરંતુ તેના વર્તમાનના આર્થિક નિર્ણયોથી નક્કી થાય છે

આજે પ્રશ્ન માત્ર એ નથી કે ભારત કેટલું અમીર બનશે, પરંતુ પ્રશ્ન એ છે કે શું ભારત ૨૦૫૦ સુધીમાં સાચા અર્થમાં આર્થિક મહાશક્તિ બની શકશે? કે પછી આપણે 'મિડલ ઈન્કમ ટ્રેપ' (મધ્યમ આવક ધરાવતા દેશોની જાળ)માં ફસાઈ જઈશું? આપણાં યુવાનોને રોજગાર મળશે કે AI કરોડો નોકરીઓ છીનવી લેશે? આ લેખ થકી આપણે આવનારા દાયકાઓમાં ભારતની આર્થિક સ્થિતિનું એક વાસ્તવિક ચિત્ર રજૂ કરવાનો પ્રયાસ કરીએ.

ભારત આજે ક્યાં ઊભું છે?

વર્તમાનમાં ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંનું એક છે. આંતરરાષ્ટ્રીય મુદ્રા ભંડોળ (IMF) મુજબ, ભારત આર્થિક વૃદ્ધિના મજબૂત માર્ગ પર આગળ વધી રહ્યું છે. વિશ્વની સૌથી વધુ વસતી, ત્રીજી સૌથી મોટી પીપીપી (PPP) અર્થવ્યવસ્થા અને વૈશ્વિક વિકાસનું એન્જિન બનવાની ક્ષમતા આપણી પાસે છે. પરંતુ, યાદ રાખવું ઘટે કે માત્ર મોટી વસતી હોવી એ જ સમૃદ્ધિની ગેરંટી નથી; તેના માટે માનવ સંસાધનનું યોગ્ય વ્યવસ્થાપન અનિવાર્ય છે.

૨૦૫૦ સુધી પહોંચવા માટેની ભારતની પાંચ મુખ્ય તાકાત

ભારતની મહાશક્તિ બનવાની સફરમાં આ પાંચ સ્તંભો પાયાનું કામ કરશે:

(૧) ડેમોગ્રાફિક ડિવિડન્ડ: ૨૦૫૦ સુધી ભારત પાસે વિશ્વની સૌથી યુવા અને વિશાળ કાર્યશીલ વસતી હશે. જો આ યુવાધનને યોગ્ય કૌશલ અને રોજગાર મળે, તો તે આપણી સૌથી મોટી આર્થિક તાકાત બનશે.

(૨) ડિજિટલ ક્રાંતિ: UPI અને ONDC જેવી ડિજિટલ સિસ્ટમ્સ આજે વૈશ્વિક સ્તરે મોડેલ બની ગઈ છે. ડિજિટલ અર્થતંત્ર ભારતની જીડીપી (GDP)માં મોટું અને પારદર્શક યોગદાન આપી રહ્યું છે.

(૩) મેન્યુફેક્ચરિંગ હબ: 'મેક ઈન ઈન્ડિયા' અને 'ચાઈના પ્લસ વન' વ્યૂહરચનાને કારણે એપલ, સેમસંગ અને ટેસ્લા જેવી વૈશ્વિક કંપનીઓ ભારતને ઉત્પાદન કેન્દ્ર તરીકે પસંદ કરી રહી છે.

(૪) ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિવોલ્યુશન: દેશભરમાં ફેલાયેલું એક્સપ્રેસ-વે, મેટ્રો, આધુનિક બંદરો અને રેલવે નેટવર્ક ભવિષ્યની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સાબિત થઈ રહ્યાં છે.

(૫) ઈનોવેશન અને સ્ટાર્ટઅપ: સ્ટાર્ટઅપ ઈન્ડિયા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), અવકાશ સંશોધન અને ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે ભારતની પ્રગતિ નવી વૈશ્વિક ઓળખ ઊભી કરી રહી છે.

પરંતુ મહાશક્તિ બનવાના માર્ગમાં કેટલીક ગંભીર અડચણો પણ છે, જેને સમયસર હલ કરવી જરૂરી છે:

રોજગાર નિર્માણ: દર વર્ષે શ્રમ બજારમાં પ્રવેશતાં લાખો યુવાનો માટે ગુણવત્તાયુક્ત અને સ્થાયી નોકરીઓ ઊભી કરવી એ સૌથી મોટો પડકાર છે.

AI અને બદલાતી નોકરીઓ: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઓટોમેશન માત્ર લોઅર લેવલ પર જ નહીં, પરંતુ એન્જિનિયર, વકીલ અને એકાઉન્ટન્ટ જેવા પ્રોફેશનલ વ્યવસાયોને પણ પ્રભાવિત કરશે, જેના માટે શ્રમશક્તિને અપડેટ કરવી પડશે.

શિક્ષણ અને કૌશલ વિકાસ: માત્ર પરંપરાગત ડિગ્રીઓ કરતાં 'સ્કિલ' (Skill) વધુ મહત્ત્વની છે. જો યુવાનો આધુનિક સમયની માંગ મુજબ કુશળ નહીં બને, તો આ ડેમોગ્રાફિક ડિવિડન્ડ 'ડિઝાસ્ટર' બની શકે છે.

કુદરતી સંસાધનો અને જળસંકટ: ૨૦૫૦ સુધીમાં દેશના અનેક ભાગોમાં પાણીની તંગી ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે. સાથોસાથ ક્લાઈમેટ ચેન્જ (આબોહવા પરિવર્તન)ની સીધી અસર કૃષિ ઉત્પાદકતા અને અર્થતંત્ર પર પડશે.

શું ભારત વૈશ્વિક સ્તરે મોખરે આવી શકશે?

હા, તે સંપૂર્ણપણે શક્ય છે. પરંતુ તે આપમેળે કે માત્ર આયોજનોથી નહીં થાય. તે માટે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે આત્મનિર્ભરતા, નિકાસમાં વધારો, ઉચ્ચ સ્તરીય ઈનોવેશન, ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રણાલી અને પારદર્શક વહીવટી સુધારાઓ પર સખત ભાર મૂકવો અનિવાર્ય છે. 'મિડલ ઈન્કમ ટ્રેપ' (મધ્યમ આવકની જાળ)માંથી બહાર નીકળીને ઉચ્ચ આવક ધરાવતા દેશોની હરોળમાં બેસવું એ જ ભારતની આગામી સૌથી મોટી પરીક્ષા રહેશે.

મહાન વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબે ખૂબ જ સાચું કહ્યું હતું કે, "સપના એ નથી જે તમે ઊંઘમાં જુઓ છો, સપના એ છે જે તમને ઊંઘવા દેતાં નથી." ભારત પાસે અનંત તકો પણ છે અને તેટલા જ જટિલ પડકારો પણ છે. ૨૦૫૦નું ભારત કેવું હશે, તેનો નિર્ણય ભવિષ્ય પર નહીં, પરંતુ આજે લેવાતા સાહસિક અને દુરંદેશી નીતિગત નિર્ણયો પર આધારિત છે. એક પ્રાચીન સંસ્કૃત સુભાષિત કહે છે: 'ઉદ્યમેન હિ સિધ્યન્તિ કાર્યાણિ ન મનોરથૈઃ' અર્થાત્ કાર્યો કેવળ મનોરથો કે ઈચ્છાઓથી સિદ્ધ થતાં નથી, પરંતુ સચોટ પુરુષાર્થથી સિદ્ધ થાય છે.

જો આપણે આવનારાં કેટલાંક વર્ષોમાં સાચી દિશામાં પરિશ્રમ અને આયોજન કરીશું, તો વર્ષ ૨૦૫૦ એ માત્ર કેલેન્ડરનું એક વર્ષ નહીં, પણ ભારતના ભવ્ય આર્થિક પુનરુત્થાનનો સુવર્ણ અધ્યાય બની રહેશે. વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતનું આર્થિક મહાશક્તિ બનવું એ કેવળ આંકડાકીય અંદાજ નથી, પરંતુ તે દેશના નીતિઘડવૈયાઓ, ઉદ્યોગજગત અને યુવા પેઢીના સંયુક્ત પુરુષાર્થ પર નિર્ભર છે. 'મિડલ ઈન્કમ ટ્રેપ' જેવી વૈશ્વિક જાળમાંથી બચવા માટે સરકાર અને સમાજે માત્ર આર્થિક વૃદ્ધિ પર જ નહીં, પરંતુ સર્વાંગી સમાવેશી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. જ્યાં સુધી દેશના અંતરિયાળ વિસ્તારો સુધી ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ, આધુનિક શિક્ષણ અને ગ્રીન ઊર્જાની પહોંચ સુનિશ્ચિત નહીં થાય, ત્યાં સુધી સાચી સમૃદ્ધિ અધૂરી ગણાશે. AI અને ટેક્નોલોજીના યુગમાં આપણી શિક્ષણ પ્રણાલીને સમયાનુકૂળ બનાવીને ભવિષ્યની જરૂરિયાતો મુજબના કુશળ માનવબળનું નિર્માણ કરવું અનિવાર્ય છે. જો આપણે સમયસર જળ સંકટ, આબોહવા પરિવર્તન અને રોજગાર નિર્માણ જેવા ગંભીર પડકારો સામે સચોટ અને દીર્ઘદૃષ્ટિવાળા પગલાં નહીં ભરીએ, તો આપણું ડેમોગ્રાફિક ડિવિડન્ડ નબળાઈમાં પણ ફેરવાઈ શકે છે. તેથી, માત્ર આશાવાદી રહેવાને બદલે સક્રિય અને પરિણામલક્ષી નીતિઓ અપનાવવી પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

નાનકડા દીવાએ અંધારું ભગાડ્યું

એક નાનકડું ઘર હતું.સરસ મજાનું બધી સુવિધાવાળું. ઘરમાં એક નાનકડી બાળકી રીવા તેના મમ્મી પપ્પા અને વૃધ્ધ દાદી સાથે રહે.રીવા દાદીની લાડકી, દાદી પાસે જ રહે. તેમની સાથે જ સૂએ, રોજ રાત્રે દાદી તેને જુદી જુદી વાર્તાઓ કહે.

એક દિવસ રીવાનાં મમ્મી પપ્પા નજીકના ગામમાં કોઈ કામસર ગયાં હતાં અને રસ્તામાં બહુ તોફાની વરસાદ આવતાં તેમને ત્યાં જ રોકાઈ જવું પડ્યું.ઘરમાં વૃદ્ધ દાદી અને રીવા એકલાં જ હતાં.દાદીએ રીવાને ખીચડી જમાડી અને તેને વાર્તા કહેતાં સુવાડી રહ્યાં હતાં.

વરસાદનું જોર વધી રહ્યું હતું અને અચાનક તોફાનની તીવ્રતા વધી, વરસાદ વધ્યો અને વીજળી જતી રહી. ઘરમાં અને ગામમાં બધે જ અંધારું થઈ ગયું. પૌત્રી રીવા અંધારાથી એકદમ ડરી ગઈ અને બોલી, ''દાદી, આટલું બધું અંધારું છે. હવે આપણે શું કરીશું? આ અંધારું આપણને ડરાવશે. મને બહુ બીક લાગે છે.''

રીવા એકસરખું બોલતી હતી અને ડરતી હતી. તે રડમસ થતાં બોલી, ''દાદી શું કરીશું? આ અંધારાને કોણ ભગાડશે? મને બહુ ડર લાગે છે.''

દાદીએ તેને સમજાવીને થોડી શાંત કરવાની કોશિશ કરી. દાદી તેનો હાથ પકડી તેને લઈને ઘરના મંદિર પાસે ગયાં અને બોલ્યાં, ''રીવા બેટા, શાંત થઈ જા. જો હમણાં અંધારાને ભગાડું છું.'' આટલું કહીને દાદીએ શાંતિથી એક નાનકડો દીવો પ્રગટાવ્યો અને ચારે બાજુ પ્રકાશ ફેલાયો. દાદીએ કહ્યું, ''બેટા, અંધારાથી ડરવાની જરૂર નથી, ગભરાઈને રડવાની જરૂર નથી. બસ એક દીવો પ્રગટાવવાનો હોય છે''. એક નાનકડા દીવાના પ્રકાશમાં આખું ઘર ઝગમગી ઊઠ્યું અને અંધારાનું નામનિશાન ન રહ્યું. પૌત્રી રીવા હસવા લાગી અને બોલવા લાગી, ''નાનકડા દીવાએ અંધારાને હરાવ્યું....નાનકડા દીવાએ અંધારું ભગાડ્યું...નાનકડા દીવાએ અંધારું ભગાડ્યું.'' થોડી વાર રહીને તેણે દાદીને પૂછ્યું, ''દાદી,આટલો નાનો દીવો આટલા મોટા અંધારાને કેવી રીતે હરાવી શકે?''

દાદી બોલ્યાં, ''અંધારું ભલે ગમે તેટલું મોટું હોય અને ચારે બાજુ છવાઈ ગયું હોય પણ તેની પાસે તાકાત નથી હોતી અને દીવો, ભલે નાનો હોય, તેની પાસે હંમેશા પ્રકાશની તાકાત હોય છે.''

બોધ:જીવનની મુશ્કેલીઓ સામે ફરિયાદ કરવાને બદલે, નાનું પણ સકારાત્મક પગલું ભરવું એ જ સાચો ઉકેલ છે.

ગુસ્સે થયેલા ન દેખાવ, કેમેરા ચાલુ છે!

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

પોલીસોને સમજાવવામાં આવ્યું છે કે ફરજ બજાવતી વખતે હવે માત્ર ભીડ પર જ નહીં, પોતાના વર્તન અને ચહેરાના હાવભાવ પર પણ કાબૂ રાખવો પડશે

''કોઈ પ્રદર્શનકારી તમારા ચહેરા આગળ મોબાઈલ ધરીને સવાલો પૂછે તો શું કરશો?''

''એને જવાબ આપીશું.''

''ના. શાંત રહેવાનું.''

''પણ એ સતત ઉશ્કેરતો રહે તો?''

''ત્યારે પણ નહીં. કેમ કે, તમારો ગુસ્સો જ એનું કન્ટેન્ટ બની શકે.''

જંતરમંતર પરના વિરોધપ્રદર્શન પછીના થોડા સમયે દિલ્હી પોલીસને આપવામાં આવેલી સૂચનાઓનો સાર કંઈક આવો છે. પોલીસોને સમજાવવામાં આવ્યું છે કે ફરજ બજાવતી વખતે હવે માત્ર ભીડ પર જ નહીં, પોતાના વર્તન અને ચહેરાના હાવભાવ પર પણ કાબૂ રાખવો પડશે.

તેમને પૂછાતા સવાલો કેવા હોઈ શકે તેની પણ કલ્પના કરવામાં આવી છે: ''તમને તમારા કામ પર ગર્વ છે?'', ''તમને રાત્રે ઊંઘ કેવી રીતે આવે છે?'', ''તમારાં બાળકોને જઈને તમે શું કહેશો?'' આવા સવાલોના જવાબ આપવાની જરૂર નથી. કોઈ જ ચર્ચામાં ઊતરવાનું નથી. કેમેરાને હડસેલવાનો પ્રયાસ પણ કરવાનો નથી. તેમની પર થતી મજાક કે કટાક્ષનો જવાબ આપવાનો નથી. કોઈ ગીત ગાય, નાચે, નકલી સલામી આપે કે ચા-ફૂલ-મીઠાઈ આપીને પ્રતિક્રિયા મેળવવાનો પ્રયાસ કરે તો પણ શાંત રહેવાનું.

પહેલાં પોલીસકર્મીનો ગુસ્સો કદાચ ત્યાં ઊભેલાં થોડાં લોકો જ જોતાં. હવે એ જ ગુસ્સો કેમેરામાં કેદ થઈને હજારો લોકો સુધી પહોંચી શકે છે. હવે કોઈની પાસે મોબાઈલ ફોન છે અને કેમેરો ચાલુ હોય છે. જે કંઈ બન્યું તેનો થોડો ભાગ રેકોર્ડ થયો કે તરત તે બીજા સ્થળે પહોંચી શકે છે. આખી ઘટનામાંથી દસ-વીસ સેકન્ડ પસંદ કરી શકાય છે. એની પર મનગમતી ટીપ્પણી લખી શકાય છે. બસ, એક વાર એ ફરતું થાય કે પછી ચર્ચા શરૂ.

સામાજિક નેટવર્કિંગનાં માધ્યમોએ વિરોધ કરવાની લોકોની રીત પણ બદલી છે. હવે માત્ર પોતાની વાત કહેવી પૂરતી નથી. ઘણી વાર સામેની વ્યક્તિની પ્રતિક્રિયા મેળવવાનો પ્રયાસ પણ વિરોધનો એક ભાગ બની જાય છે. પોલીસને સવાલ પૂછવામાં આવે છે, ફરી ફરી પૂછવામાં આવે છે, કટાક્ષ કરવામાં આવે છે–કદાચ એટલા માટે કે કોઈ એક ક્ષણે તે કાબૂ ગુમાવે કે એ ક્ષણ કેમેરામાં કેદ થઈ જાય. દિલ્હી પોલીસની માર્ગદર્શિકામાં આ બાબતને લઈને ખાસ સાવધ રહેવાનું કહેવામાં આવ્યું છે.

અલબત્ત, આ આખી વાતને ''પ્રદર્શનકારીઓ પોલીસને ઉશ્કેરે છે'' એટલા પૂરતી સીમિત શી રીતે કરી શકાય? વિરોધ કરનારને સવાલ પૂછવાનો પૂરેપૂરો અધિકાર છે. પોલીસની કામગીરી અંગે પ્રશ્ન કરવાનો અધિકાર છે. સત્તાને અસ્વસ્થ કરવાનો પણ અધિકાર છે. લોકશાહીમાં અસંમતિનો અધિકાર પાયાનો છે.

સવાલ એ છે કે વિરોધનો હેતુ શો છે–પોતાની વાત કહેવી કે સામેની વ્યક્તિ પાસેથી કોઈ ગુસ્સાભરી ક્ષણ પડાવી લેવી? જરા વિચારીએ તો ખ્યાલ આવશે કે કેમેરા માત્ર પોલીસની ભૂલ જ બતાવતો નથી. પોલીસકર્મી કોઈ ઘાયલ પ્રદર્શનકારીને મદદ કરે તે પણ કેમેરામાં આવી શકે છે. કોઈ વૃદ્ધને ભીડમાંથી બહાર કાઢે તે પણ રેકોર્ડ થઈ શકે છે. કોઈ બાળક માતા-પિતાથી છૂટું પડી જાય અને તેને પાછું પહોંચાડે તે પણ લોકો જોઈ શકે છે.

દિલ્હી પોલીસની સૂચનાઓમાં આવી બાબતોનો પણ સમાવેશ છે. કોઈ વ્યક્તિ પડી જાય, બેભાન થાય કે ઘાયલ થાય તો તરત મદદ કરવી, એમ્બ્યુલન્સ બોલાવવી, વૃદ્ધો, બાળકો અને દિવ્યાંગ લોકોનું ધ્યાન રાખવું. મહિલા પ્રદર્શનકારીઓ સાથે શક્ય હોય ત્યાં સુધી મહિલા પોલીસકર્મીઓ દ્વારા વ્યવહાર કરવો.

આ સૂચનાઓ કદાચ સામાન્ય લાગે. તેમાં એક મહત્ત્વની વાત છે કે પોલીસની ફરજ માત્ર ભીડને વિખેરવાની નથી.

સામે ઊભેલો જણ પણ માણસ છે અને પોલીસકર્મી પણ માણસ છે. વિરોધપ્રદર્શન દરમિયાન બંને પોતપોતાની ભૂમિકામાં ઊભા હોય છે. એકને લાગે છે કે તેની વાત સાંભળવામાં આવતી નથી; બીજાને પોતાની ફરજ બજાવવાની હોય છે. એક તરફ ગુસ્સો હોય છે, બીજી તરફ દબાણ. આવી સ્થિતિમાં એક ઉશ્કેરાટની નાનકડી ક્ષણ પણ મોટી ઘટનામાં રૂપાંતરિત થઈ શકે છે. પહેલાં આવો બનાવ કદાચ થોડાં લોકો જ જોતાં. હવે આખી દુનિયા જોઈ શકે છે. આથી પોલીસને આપવામાં આવેલી આવી સલાહનો એક અર્થ એવો પણ થાય છે કે કેમેરા સામેનું વર્તન હવે ફરજનો જ એક ભાગ છે. પોલીસ જે કરે છે તે માત્ર સ્થળ પર હાજર લોકો માટે નથી. તે કદાચ થોડી જ વારમાં લાખો લોકો માટેનું દૃશ્ય બની શકે છે.પણ આ જવાબદારી માત્ર પોલીસની કહી શકાય? કેમેરો હાથમાં હોય ત્યારે પ્રદર્શનકારી પાસે પણ એક પસંદગી છે. તે કોઈને ઉશ્કેરીને વીડિયો બનાવી શકે છે અથવા પોતાની વાત એવી રીતે પણ કહી શકે કે સામેની વ્યક્તિને અપમાનિત કર્યા વિના અસહમતિ વ્યક્ત થાય.

આ કદાચ આજના વિરોધપ્રદર્શનનો સૌથી મુશ્કેલ પાઠ છે. એવું નથી કે કેમેરો ચાલુ છે એટલે દરેક જણ અભિનય કરી રહ્યો છે. પણ કેમેરો ચાલુ હોય ત્યારે દરેકની એક ક્ષણ કાયમી બની શકે છે. આ વાતને હજી આગળ લઈ જઈએ તો સવાલ માત્ર પોલીસને જ નહીં, વિરોધ કરનારને પણ પૂછવો પડે કે આપણે વિરોધ કરી રહ્યા છીએ કે કોઈની ઉગ્ર પ્રતિક્રિયાની રાહ જોઈ રહ્યા છીએ? બંને વચ્ચેનો તફાવત નાનો જણાય, પણ લોકશાહીમાં એ બહુ મોટો તફાવત છે. કેમેરા સામે સંયમ રાખવાની સલાહ જરૂરી છે, પણ પોલીસને સૂચના આપનારા એ સમજી શકશે ખરા કે કેમેરાથી બચવા કરતાં એવું વર્તન કરવું વધુ જરૂરી છે, જેને કેમેરાથી છુપાવવાની જરૂર જ ન પડે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

શ્રદ્ધા, સંસ્કાર અને લોકપરંપરાનો સંગમ

શ્રાવણ માસ એટલે ભક્તિ, ઉત્સવ અને લોકપરંપરાથી રંગાયેલો પવિત્ર મહિનો. શ્રાવણ સુદ સાતમ અને આઠમના દિવસો ગુજરાતની લોકસંસ્કૃતિમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ દિવસોમાં ધાર્મિક આસ્થા સાથે પરિવારમાં આનંદ અને પરંપરાનો માહોલ જોવા મળે છે. શ્રાવણની સાતમને શીતળા સાતમ તરીકે પણ ઓળખવામાં આવે છે. મહિલાઓ પરિવારના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે શીતળા માતાની પૂજા કરે છે. આ દિવસે ચૂલો ન સળગાવવાની પરંપરા હોવાથી આગલા દિવસે વિવિધ વાનગીઓ બનાવી રાખવામાં આવે છે. ઠંડો ખોરાક આરોગવાની આ પરંપરા પાછળ સ્વચ્છતા અને આરોગ્ય સાથે જોડાયેલી લોકમાન્યતાઓ પણ રહેલી છે. સાતમ બાદ આવતી આઠમ કૃષ્ણ જન્માષ્ટમી તરીકે ઉજવાય છે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી મંદિરોમાં ભક્તિભાવપૂર્વક થાય છે. મધરાતે નંદઘેર આનંદ ભયો'ના જયઘોષ સાથે કૃષ્ણ જન્મની વધામણી કરવામાં આવે છે. ઉપવાસ, ભજન-કીર્તન, મટકી ફોડ અને શણગારથી વાતાવરણ ભક્તિમય બની જાય છે.

સુરત -ભાવેશ રાણા

બાવાના બેય બગડ્યા

આમ તો શરૂઆતમાં નીતિન ગડકરીની ઈમેજ સારી હતી. પરંતુ એમની ઈમેજ પર એવું "ઈથેનોલ" ઢોળાયું કે ઈમેજ ધૂંધળી થઈ ગઈ. એમનું મંત્રાલય છે માર્ગ અને પરિવહનનું પણ પેટ્રોલિયમ મંત્રી હોય એમ હંમેશા ઈથેનોલની જે રીતે વકીલાત કરતાં હતાં ત્યારે જ શંકા ગયેલી કે દાળમાં કશુંક કાળું છે. પછી ખબર પડી કે એમના દીકરાઓની રાઈસ મિલ ચાલે છે, એટલે ખ્યાલ આવ્યો કે દાળમાં જ કાળું કાળું નથી, આખી દાળ જ કાળી છે. ભાજપના બધા જ મંત્રીઓને ખ્યાલ આવી ગયો છે કે જે દિવસે સત્તા જશે પછી હાથમાં આવવાની નથી, એટલે બધા જ મંત્રીઓ અત્યારે પોતાની સાત પેઢી તરી જાય એની વેતરણમાં પડ્યાં છે. લોકશાહી પદ્ધતિથી ચૂંટાઈ આવેલી મોદી સરકાર હવે બધું જ સરમુખત્યાર ઢબે લોકો પર ઠોકી બેસાડી રહી છે, પછી એ નોટબંધી હોય કે જીએસટી હોય કે લોકડાઉન હોય કે ત્રણ કૃષિ કાનૂન હોય અને છેક હવે હમણાં ઈ ૨૦ ઈથેનોલ હોય. પ્રજાના જોખમે પ્રયોગ કરતી સરકાર સરમુખત્યાર જ હોય શકે. બ્રાઝિલમાં વાહનોમાં ઈથેનોલ છેક 1970 થી વપરાય છે પરંતુ ત્યાંની સરકારે પહેલા વાહનોને ઈથેનોલ માટે તૈયાર કર્યા પછી જ ઈથેનોલ વાપરવાનું શરૂ કર્યું હતું. આમ પણ નીતિન ગડકરી માર્ગ પરિવહન મંત્રી તરીકે તદ્દન નિષ્ફળ ગયેલા મંત્રી ગણાય. વડાપ્રધાનના કહેવા મુજબ હાઈવે બનાવવામાં સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે, એટલે જ પહેલા વરસાદમાં હાઈવે તૂટી જાય છે, કારણ કે સ્પેસમાં ક્યાં વરસાદ હોય છે? આજ સ્પેસ ટેકનોલોજીના વૈજ્ઞાનિકો એવું શોધી લાવ્યાં કે પેટ્રોલમાં ઈથેનોલ મિક્સ કરવાથી પેટ્રોલ 17 રૂપિયા લિટર મળતું થશે. "બાવાના બેય બગડ્યા"ની જેમ પ્રયોગ ઊંધો પડતાં પેટ્રોલ તો સસ્તુ ના થયું પણ ખાંડ મોંઘી થઈ ગઈ. જંતર મંતર પર થયેલા આંદોલનને કારણે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પડ્યું. આ જોઈને નીતિન ગડકરીને પણ ખ્યાલ આવી ગયો હતો કે રેલો મારી નીચે પણ આવી શકે એમ છે, એટલે હવે હાથ ઊંચા કરતાં કહે છે કે ઈથેનોલ એ મારો વિષય નથી, પેટ્રોલિયમ મંત્રાલયનો છે. સરકારની તઘલખી અને અણગઢ નીતિને કારણે પ્રજાએ કરવતની જેમ બંને બાજુ વહેરાવું પડે છે.

સુરત -પ્રેમ સુમેસરા

જન્માષ્ટમી : ભક્તિ, શ્રદ્ધા અને આનંદનો પર્વ

જન્માષ્ટમી એટલે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવનો પવિત્ર દિવસ. શ્રાવણ વદ આઠમના દિવસે સમગ્ર દેશમાં કૃષ્ણ જન્મની ઉજવણી ભક્તિ અને ઉત્સાહપૂર્વક કરવામાં આવે છે. મંદિરોમાં વિશેષ શણગાર, પૂજા-અર્ચના, ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થાય છે.

શ્રીકૃષ્ણનો જન્મ મથુરાની જેલમાં દેવકી અને વસુદેવના ઘરે થયો હતો. અન્યાય અને અધર્મનો નાશ કરીને ધર્મની સ્થાપના કરવાનો સંદેશ તેમના જીવનમાંથી મળે છે. બાળગોપાલની બાળલીલાઓ, માખણચોરી અને ગોપીઓ સાથેની રાસલીલા આજે પણ